

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 47,(SURAT), DATE-13/05/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૪૭, (સુરત), તા.૧૩/૦૫/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 તડકેશ્વરમાં ઘરમાં ઊંઘતા પરિવાર પર કાળ ત્રાટક્યો; આશરો ધરાશાયી, ૪ સભ્યો ગંભીર ઈજાગ્રસ્ત

3 સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારના ૭૫ વર્ષ: વડાપ્રધાન મોદીએ કહ્યું- આ અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે


4 ભાઈને બચાવવા જતાં અન્ય ૩ પણ પાણીમાં ગરકાવ; એક જ પરિવારના ૪ પિતરાઈ ભાઈ મોતને ભેટ્યા

## બારડોલી BAPS મંદિરના ૩૧ માં પાટોત્સવની ઉજવણી:માત્ર ભગવા વસ્ત્ર ધારણ કરવાથી સત્પુરુષ ન બનાય

**બારડોલી-**BAPS સ્વામિનારાયણ મંદિર, બારડોલી ખાતે ૯ મેના રોજ ૩૧ મા પાટોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આયોજિત સભામાં સંતોએ ‘સાચા સંતની ઓળખ અને ‘સ્થિરમતિ વિષય પર માર્ગદર્શન આપતા હરિભક્તોને આધ્યાત્મિક ભાથું પૂરું પાડ્યું હતું. મંદિરના પ્રાંગણમાં પવિત્ર મહાપૂજા વિધિ સાથે ઉત્સવનો પ્રારંભ થયો હતો. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તો અને મહાનુભાવો જોડાયા હતા. પૂજાની પૂર્ણાહુતિ બાદ અમદાવાદથી પધારેલા પૂજ્ય ધર્મજ્ઞ સ્વામીએ પ્રવચન આપતા જણાવ્યું હતું કે, સત્પુરુષો જંગમ તીર્થ સમાન છે.

યોગીજી મહારાજ કહેતા કે માત્ર બાહ્ય દેખાવ કે ભગવા વસ્ત્રોથી સંતની પરખ ન થાય, પણ વચનામૃત અને ગીતામાં બતાવેલા લક્ષણોથી સાચા ગુરુને ઓળખવા જોઈએ.

પૂજ્ય પુણ્યદર્શન સ્વામીએ ભાર મૂક્યો હતો કે જ્ઞાન અને સમજણ વગર આધ્યાત્મિક



જીવનમાં સ્થિરતા આવતી નથી. નિયમ-ધર્મમાં ભૂલ થાય ત્યારે સત્પુરુષ પાસે નિષ્કપટ થવું જરૂરી છે. આ સમગ્ર મહોત્સવનું સંચાલન અને આયોજન પૂજ્ય ધ્યાનજીવન સ્વામી તથા પૂજ્ય મંગલભૂષણ સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મુખ્ય યજમાનોએ સંતોનું પુષ્પહારથી સન્માન કર્યું હતું અને ઉપસ્થિત ભાવિકોએ આશીર્વાદ તેમજ પ્રસાદનો લાભ લીધો હતો.

પાટોઉત્સવની મુખ્ય વાતો- સહનશીલતાનું ઉદાહરણ: મહંત સ્વામી મહારાજે આફ્રિકા વિચરણ દરમિયાન અસહ્ય શારીરિક પીડામાં પણ જે સ્થિરતા દાખવી, તે તેમના ગુણાતીત હોવાનો પુરાવો છે. નિર્મળ દાસત્વ:પૂજ્ય સ્વામીએ જણાવ્યું કે માન-વખાણ જીવને પ્રિય હોય છે, પરંતુ સત્પુરુષમાં ક્યારેય અહંકાર હોતો નથી. મહંત સ્વામી મહારાજમાં ભગવાનનો અખંડ નિવાસ છે.

## પીએમ મોદીની અપીલ બાદ સોનાના ભાવમાં કડાકો! MCX પર કિંમત ગગડી



એક તરફ વૈશ્વિક તણાવ અને ક્રૂડ ઓઈલની વધતી કિંમતો છે, તો બીજી તરફ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના કડક વલણને કારણે આંતરરાષ્ટ્રીય બજારોમાં દબાણ વધ્યું છે. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને આગામી એક વર્ષ સુધી બિનજરૂરી સોનાની ખરીદી ટાળવા મોટી અપીલ કરી છે. પીએમની આ અપીલ બાદ હવે સૌ કોઈના મનમાં એક જ સવાલ છે કે શું સોનાના ભાવમાં મોટો ઘટાડો આવશે?

એક્સપર્ટ્સના મતે, આ ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર બચાવવાનો માસ્ટરસ્ટ્રોક છે. ભારત દર વર્ષે લગભગ ૮૦૦ મેટ્રિક ટન સોનું આયાત કરે છે, જેનું પેમેન્ટ ડોલરમાં કરવું પડે છે. જો લોકો બિનજરૂરી સોનું ન ખરીદે તો ડોલરની બચત થશે અને ભારતીય રૂપિયો મજબૂત બનશે. ક્રૂડ ઓઈલ અને સોનાની વધતી કિંમતો ભારતીય અર્થતંત્રને નબળું પાડે છે. ખરીદી ઘટવાથી ગ્લોબલ ઝટકા સામે ભારતની સ્થિરતા વધશે.

પીએમ મોદીના નિવેદન બાદ માર્કેટમાં ચિંતા અને અનિશ્ચિતતાનો માહોલ છે. ઘરેલુ વાયદા બજાર પર સોનામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. હાલ સોનું ૬૦૦ રૂપિયાના ઘટાડા સાથે રૂ. ૧,૫૨,૦૧૮ પર ટ્રેડ કરી રહ્યું છે. બજારમાં ગભરાટને કારણે જ્વેલરી કંપનીઓના શેરમાં પણ મોટું ગાબડું જોવા મળ્યું છે. માર્ચ ૨૦૨૬ સુધીમાં RBI પાસે કુલ ૮૮૦.૫૨ મેટ્રિક ટન સોનું છે, જેમાંથી ૬૮૦ ટન ભારતની તિજોરીમાં છે.

રોકાણકારો અને લગ્નની ખરીદી કરનારા પરિવારો અત્યારે વેઈટ એન્ડ વોચની સ્થિતિમાં છે. એક્સપર્ટ્સનું માનવું છે કે, જો સરકારી અપીલની અસર વ્યાપક થશે, તો માર્કેટમાં માંગ ઘટતા કિંમતો હજુ નીચે જઈ શકે છે. જોકે, આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતું યુદ્ધ અને સપ્લાય ચેઈનની સ્થિતિ પણ સોનાના ભાવમાં મહત્વનો ભાગ ભજવશે.

**પીએમ મોદીના નિવેદન બાદ માર્કેટમાં ચિંતા અને અનિશ્ચિતતાનો માહોલ છે. ઘરેલુ વાયદા બજાર પર સોનામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.**

## ૬ દિવસ, ૫ દેશો અને અબજો ડોલરના રોકાણ પર નજર: વડાપ્રધાન મોદીનો મેગા વિદેશ પ્રવાસ

વૈશ્વિક સ્તરે ચાલી રહેલી ભૂ-રાજકીય ઉથલપાથલ વચ્ચે ભારત પોતાની રાજદ્વારી પકડ વધુ મજબૂત કરવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી શુક્રવારથી પાંચ દેશોના છ દિવસીય મહત્ત્વપૂર્ણ પ્રવાસ પર રવાના થશે. આ મુલાકાત દરમિયાન સંરક્ષણ, ઊર્જા અને ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જવા માટે વ્યૂહાત્મક મંત્રણા કરવામાં આવશે.



વડાપ્રધાન મોદીના પ્રવાસનું પ્રથમ મુકામ UAE (યુનાઇટેડ આરબ એમિરેટ્સ) હશે. અહીં તેઓ પ્રમુખ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે મુલાકાત કરશે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવાનો અને પશ્ચિમ એશિયાના સંઘર્ષ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાનો છે. ઉલ્લેખનીય છે કે, ગ્અઉ એ ભારતનું ત્રીજું સૌથી મોટું વેપારી ભાગીદાર છે અને ત્યાં ૪૫ લાખથી વધુ ભારતીયો વસવાટ કરે છે, જેમના કલ્યાણ અંગે પણ ચર્ચા કરવામાં આવશે.

પ્રવાસના બીજા તબક્કામાં વડાપ્રધાન મોદી ૧૫થી ૧૭ મે દરમિયાન નેધરલેન્ડની મુલાકાત લેશે. અહીં તેઓ રાજા વિલેમ-એલેક્ઝાન્ડર અને વડાપ્રધાન રોબ જેટન સાથે મુલાકાત કરશે. આ દરમિયાન સંરક્ષણ, ગ્રીન હાઇડ્રોજન, સેમિકન્ડક્ટર્સ અને ઈનોવેશન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ચર્ચા થશે. ત્યારબાદ, તેઓ સ્વીડન જશે, જ્યાં વડાપ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસન સાથે ગ્રીન ટ્રાન્ઝિશન, અઈ અને સ્પેસ ટેક્નોલોજી જેવા ઉભરતા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય વેપાર વધારવા અંગે વાટાઘાટો કરશે.

પ્રવાસના ચોથા તબક્કામાં વડાપ્રધાન મોદી નોર્વે પહોંચશે. ૪૩ વર્ષમાં કોઈ ભારતીય પીએમની આ પ્રથમ નોર્વે મુલાકાત હશે. તેઓ અહીં ત્રીજી ’ઈન્ડિયા-નોર્ડિક સમિટ’માં ભાગ લેશે. નોર્વેમાં તેઓ બ્લુ ઈકોનોમી અને ગ્રીન ટેક્નોલોજી પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ સમિટમાં ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, સ્વીડન અને નોર્વેના વડાપ્રધાનો પણ જોડાશે, જે ભારત અને નોર્ડિક દેશો વચ્ચેના સંબંધોને નવી ઊંચાઈ પર લઈ જશે.

પ્રવાસના અંતિમ તબક્કામાં વડાપ્રધાન ૧૯થી ૨૦ મે દરમિયાન ઈટાલીની સત્તાવાર મુલાકાતે જશે. પીએમ મોદી જયોર્જિયા મેલોનીના આમંત્રણ પર ઈટાલી જઈ રહ્યા છે.







## ચોમાસામાં બિયારણ-ખાતર ખરીદી: ખેડૂતોને તકેદારી રાખવા સૂચન:અધિકૃત વિક્રેતાઓ પાસેથી જ ખરીદી કરવા કૃષિ વિભાગની અપીલ

બારડોલી- આગામી ચોમાસુ સિઝનમાં વાવેતર માટે બિયારણ, ખાતર અને જંતુનાશક દવાની ખરીદી કરતી વખતે ખેડૂતોએ વિશેષ કાળજી રાખવી જોઈએ. નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), સુરત દ્વારા આ અંગે ખેડૂતોને તકેદારી રાખવા સૂચન કરવામાં આવ્યું છે.

ખેડૂતોએ માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. લાયસન્સ વિનાના વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી કોઈપણ સંજોગોમાં બિયારણની ખરીદી ન કરવા સૂચના અપાઈ છે, જેથી છેતરપિંડીથી બચી શકાય. ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું, ખરીદેલ વસ્તુનું નામ, લોટ નંબર, ઉત્પાદન તારીખ અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું સહી સાથેનું બિલ અવશ્ય લેવું. મુદત પૂરી થઈ ગયેલા બિયારણ કે અન્ય કૃષિ ઇનપુટ્સની ખરીદી ક્યારેય ન કરવી. હંમેશા વૈજ્ઞાનિક ભલામણો મુજબ જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### માંગરોળમાં કતલખાને લઈ જવાતા ૯ પશુ બચાવાયા

# આઇસર ટેમ્પોમાંથી રૂ. ૫.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત, બે આરોપી પકડાયા



માંગરોળ- માંગરોળના નાની નરોલી ગામેથી કતલખાને લઈ જવાતા નવ પશુઓ ભરેલો એક આઇસર ટેમ્પો પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ. ૫.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને બે આરોપીઓની ધરપકડ કરી છે.

સુરત જિલ્લામાં ગેરકાયદેસર પશુઓની હેરાફેરી રોકવા માટે પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ, સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયા અને વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક બી.કે. વનાર દ્વારા સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાઓના આધારે માંગરોળ પોલીસ મથકના પી.આઈ. પી.એમ. દેસાઈએ કાર્યવાહી શરૂ કરી હતી.

આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ વિપુલ વિક્રમભાઈને બાતમી મળી હતી કે નાની નરોલી ગામના ટાવર ફળિયામાં નિઝામના તબેલા પરથી એક કથ્થઈ રંગના આઇસર ટેમ્પો માં પાસ-પરમિટ વિના પશુઓની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે માંગરોળ પોલીસ મથકના કર્મચારીઓ સેમ્યુઅલ કાલિદાસ, વિપુલ વિક્રમભાઈ, મેલા સાગરભાઈ, સુહાગ શ્રીપદભાઈ અને નયન ધીરજભાઈએ દરોડો પાડ્યો હતો.

સ્થળ પરથી આઇસર ટેમ્પો મળી આવ્યો હતો, જેમાં તપાસ કરતાં ભેંસ, પાડા અને પાડી સહિત કુલ નવ પશુઓને ઘાસચારા કે પાણીની વ્યવસ્થા વિના ગીચોગીચ બાંધવામાં આવ્યા હતા. આ પશુઓને કતલ કરવાના ઇરાદે લઈ જવામાં આવી રહ્યા હતા. પોલીસે તમામ પશુઓને બચાવીને પાંજરાપોળ મોકલી આપ્યા હતા. પોલીસે ટેમ્પોના ચાલક ઇફ્તેખાર મોહમ્મદ હુસેન અન્સારી (રહે. સુરત, લિંબાયત) અને ક્લીનર મસ્તાન અજીજ કુરેશી (રહે. કમરુનગર, સુરત શહેર) ની ધરપકડ કરી છે. આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓ મહમદ ન્યુ મુસ્લિમ ઉર્ફે નિઝામ, તબેલાનો માલિક નિઝામ રફીક લુલાત (રહે. નાની નરોલી ગામ), ગફુર અને સમીર (બંને રહે. સુરત રીંગરોડ, ખાજાનગર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

# વડોદરામાં વડાપ્રધાન મોદીએ ફરી કહ્યું- 'સોનાની ખરીદી ટાળો, પેટ્રોલ, ડીઝલ, ગેસ જરૂરિયાત પ્રમાણે વાપરો'



વડાપ્રધાન ગઈકાલે રવિવાર રાતથી બે દિવસીય ગુજરાત પ્રવાસે છે. ગત મોડી રાત્રે વડાપ્રધાન મોદીએ જામનગરમાં બંગાળ જીતની ઉજવણીના કાર્યક્રમમાં હાજરી આપી હતી. જે બાદ જામનગર રાજભવનમાં રાત્રિ રોકાણ કરી વડાપ્રધાન મોદીએ આજે સોમવારે સવારે સોમનાથમાં રસોમનાથ અમૃત મહોત્સવ માં ભાગ લીધો હતો. સાંજે તેઓ સંસ્કારી નગરી વડોદરા પહોંચ્યા. જ્યાં સરદારધામ-૩ના લોકાર્પણ બાદ વડાપ્રધાન મોદીને 'સરદાર ગૌરવ રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગઈ કાલે હૈદરાબાદ બાદ આજે વડોદરામાં વડાપ્રધાન મોદીએ ફરી કહ્યું કે જ્યાં સુધી સામાન્ય સ્થિતિ ન થાય ત્યાં સુધી સોનાની ખરીદી ટાળો, પેટ્રોલ, ડીઝલ, ગેસ જરૂરિયાત પ્રમાણે વાપરો, ખાદ્ય તેલનો ઉપયોગ ઓછો કરો, ઓફિસમાં વર્ક ફ્રોમ હોમની વ્યવસ્થા ગોઠવો, વિદેશમાં લગ્ન કરવા તેમજ ફરવા જવાનું ટાળો, ભારતમાં પ્રવાસને મહત્ત્વ આપો, વધુમાં વધુ જાહેર પરિવહનનો ઉપયોગ કરો, શાળાઓ પણ ઓનલાઇન ક્લાસીસને મહત્ત્વ આપો. આ નાના નાના પ્રયાસ જો ૧૪૦ કરોડ લોકો એક સાથે અનુસરે તો રાષ્ટ્રની તાકાત વધશે. જેનાથી આવેલું સંકટ ભારતની પ્રગતિ અને વિકાસને અવરોધે નહીં.

'બંગાળ, આસામ અને પુડુચેરીના પરિણામથી દેશ ખુશ, ગુજરાતમાં સ્થાનિક ચૂંટણીમાં પણ શાનદાર પરિણામ આવ્યું, જેની ચર્ચા સમગ્ર દેશમાં થઈ રહી છે. ગુજરાતની જનતાએ હંમેશા રાજનૈતિક સ્થિરતાને મહત્ત્વ આપ્યું, આ લોકોની દૂરદર્શિતા છે, જ્યાં રાજનૈતિક સ્થિરતા ત્યાં અર્થ વ્યવસ્થાને ગતિ, ગુજરાતે આ વાત પહેલાથી સમજી લીધી છે, જેનું પરિણામ વિકાસના નામે મળી રહ્યું છે'

'તમારા કાર્યક્રમનો હિસ્સો મને સુખદ લાગે છે અને લાગે છે કે ઘરમાં આવ્યો છું. કારણ કે તમારી વચ્ચે આવીને સમાજની શક્તિનો અહેસાસ થાય છે.

જયારે ક્યાંય વાસ્તવિક બદલાવ થાય છે તે સમાજની સામુહિક તાકાતથી જ થાય છે. વડોદરામાં સરદાર ધામ સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનું લોકાર્પણ અને શિલાન્યાસ થઈ રહ્યો છે આજનો આ દિવસ પુણ્ય પર્વથી ઓછો નથી'

# હવે 'ડિજિટલ ડેટા' પણ ગણાશે વારસાગત મિલકતઃ મૃતકના iPhone-iCloud ના ડેટા પર વારસદારોનો હક માન્ય

ટેક્નોલોજીના આધુનિક યુગમાં વ્યક્તિના મૃત્યુ બાદ તેની ભૌતિક સંપત્તિના વારસા વિશે તો આપણે સૌ જાણીએ છીએ, પરંતુ તેના ડિજિટલ ડેટાનું શું? આ જટિલ પ્રશ્ન પર ગાંધીનગરની અદાલતે એક અત્યંત પ્રગતિશીલ અને દૂરગામી અસર ધરાવતો સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે મૃતક વ્યક્તિનો આઈફોન, એપલ આઈડી અને આઈક્લાઉડ એકાઉન્ટમાં રહેલો ડેટા એ તેમની વારસાગત એસ્ટેટનો જ ભાગ છે અને તેના પર વારસદારોનો કાનૂની હક્ક છે.



**એક વ્યક્તિના અવસાન બાદ તેમના પરિવારને આઈફોન અને આઈક્લાઉડ એકાઉન્ટમાં સંગ્રહિત ફેમિલી ફોટોગ્રાફ્સ, વિડિયોઝ, મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો અને વોઇસ નોટ્સની જરૂરિયાત ઊભી થઈ હતી.**

આ કેસની વિગત અનુસાર, એક વ્યક્તિના અવસાન બાદ તેમના પરિવારને આઈફોન અને આઈક્લાઉડ એકાઉન્ટમાં સંગ્રહિત ફેમિલી ફોટોગ્રાફ્સ, વિડિયોઝ, મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો અને વોઇસ નોટ્સની જરૂરિયાત ઊભી થઈ હતી. જ્યારે પરિવારે આ ડેટા મેળવવા માટે ટેક જાયન્ટ 'એપલ' (આહય) કંપનીનો સંપર્ક કર્યો, ત્યારે કંપનીએ સુરક્ષા અને પ્રાઇવસીની નીતિઓ ટાંકીને કોર્ટના સત્તાવાર આદેશ વગર એક્સેસ આપવાનો ઇનકાર કર્યો હતો. આખરે, ન્યાય મેળવવા માટે પરિવારે ગાંધીનગરની અદાલતમાં 'ઇન્ડિયન સક્સેશન એક્ટ' હેઠળ અરજી દાખલ કરી હતી. અદાલતે આ કેસમાં મિલકત ની વ્યાખ્યાને આધુનિક સંદર્ભમાં વ્યાપક બનાવી હતી. અદાલતે નોંધ્યું કે, ડિજિટલ ડેટામાં માલિકી હક્ક અને મૂલ્ય જેવા મિલકતના તમામ મૂળભૂત તત્વો રહેલા છે, તેથી તેને વારસાગત સંપત્તિ ગણવી જોઈએ. કોર્ટે મહત્વનું અવલોકન કર્યું કે, વ્યક્તિગત પ્રાઇવસીનો અધિકાર વ્યક્તિના મૃત્યુ સાથે સમાપ્ત થાય છે અને તે તેના કાનૂની વારસદારોને ડેટા એક્સેસ કરતા રોકી શકે નહીં. આજના સમયમાં વ્યક્તિનું જીવન ડિજિટલ ઇકોસિસ્ટમ સાથે અતૂટ રીતે જોડાયેલું હોવાથી ડિજિટલ વારસો અનિવાર્ય છે.

અરજદાર તરફે જાણીતા એડવોકેટ જીત જે. ભટ્ટ દ્વારા સંશોધનલક્ષી દલીલો રજૂ કરવામાં આવી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને 'ડિજિટલ એસ્ટેટ જ્યુરિસ્પ્રુડન્સ'નો સંદર્ભ આપી સમજાવ્યું હતું કે ડિજિટલ એસેટ્સનું સંચાલન પરિવાર માટે માત્ર આર્થિક જ નહીં.

# તડકેશ્વરમાં ઘરમાં ઊંઘતા પરિવાર પર કાળ ત્રાટક્યો; આશરો ધરાશાયી, ૪ સભ્યો ગંભીર ઈજાગ્રસ્ત



સુરત જિલ્લાના કિમ-માંડવી સ્ટેટ હાઈવે પર તડકેશ્વર ગામ નજીક મધરાતે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. અહીં પૂરપાટ ઝડપે આવી રહેલું એક ડમ્પર (હાઈવા) રોડની બાજુમાં આવેલા એક મકાનમાં ધડાકાભેર ઘૂસી ગયું હતું. આ અકસ્માત સમયે ઘરમાં સૂઈ રહેલા એક જ આદિવાસી પરિવારના ૪ સભ્યો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા છે. મધરાતે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે.

પ્રાથમિક માહિતી અનુસાર, કિમ-માંડવી રોડ પરથી પસાર થઈ રહેલા હાઈવા ડમ્પરના ચાલકે મધરાતે તડકેશ્વર ગામ પાસે વાહન પરનો કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલું ડમ્પર પૂરપાટ ઝડપે રોડની સાઈડમાં આવેલા મકાનની દીવાલ તોડીને સીધું ઘરની અંદર ઘૂસી ગયું હતું. અકસ્માત એટલો જોરદાર હતો કે મકાનનો મોટો ભાગ ધરાશાયી થઈ ગયો હતો.

જે સમયે આ દુર્ઘટના ઘટી, ત્યારે પરિવારના સભ્યો ઘરમાં ગાઢ નિદ્રામાં હતા. ડમ્પર ઘૂસી આવતા આખું કુટુંબ કાટમાળ નીચે દબાઈ ગયું હતું. સ્થાનિકોએ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી કાટમાળ નીચેથી ૪ સભ્યોને બહાર કાઢ્યા હતા. ગંભીર રીતે ઘાયલ થયેલા આ તમામને તાત્કાલિક અસરથી નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

# ભાડાકરાર કર્યા વગર મકાન આપ્યું:ભાડેથી રહેનારાઓની વિગતો ન આપનારા ૧૫ સામે કાર્યવાહી

સુરત- સચિન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાડુઆતોનું વેરિફિકેશન કર્યા વિના અને ભાડાકરાર (ભાડાચિઠ્ઠી) બનાવ્યા વિના મકાન ભાડે આપનારા ૧૫ મકાનમાલિકો અને સંચાલકો સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાના આદેશ છતાં નિયમોનું પાલન ન કરવા બદલ આ પગલું ભરવામાં આવ્યું હતું.પોલીસ અધિકારીઓની સૂચના મુજબ, સચિન પોલીસે વાંઝ ગામ સ્થિત આકાશ વિલા કોમ્પ્લેક્સ, આકાશ કોમ્પ્લેક્સ અને ઓમસાઈ રેસિડેન્સીમાં તપાસ અભિયાન ચલાવ્યું હતું.

તપાસ દરમિયાન સામે આવ્યું કે ઘણા મકાનમાલિકોએ ભાડુઆતોના દસ્તાવેજો લીધા નહોતા અને તેમની માહિતી પોલીસ સ્ટેશનમાં કે ઓનલાઇન પોર્ટલ પર પણ નોંધાવી નહોતી.

પોલીસે ૧૫ લોકો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે, જેમાં રાજેન્દ્રકુમાર સાહુ, મનોજકુમાર સિંહ, ઝુલ્ફીકાર અંસારી, રાજમલ કલાલ, પ્રહલાદ માલી, ભરતકુમાર પોપટ, સત્યમ સાહુ, હિંમત કલાલ, વિજય રાજપૂત, અનુપ સાહુ, શૈલેષ વર્મા, પંકજ સવિતા, દીપક દુબે, અનિલ સાહુ, આવરદાન ગઢવી સામેલ છે.

# ગુજરાતમાં ૪૫ ડિગ્રી સાથે આકરી હીટવેવની આગાહી, કચ્છ-સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ જાહેર

ગુજરાતમાં ઉનાળાનો અસલી મિજાજ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ચાર દિવસ રાજયમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. પશ્ચિમી પવનો ફૂંકાવાને કારણે રાજયના અનેક શહેરોમાં પારો ૪૧થી ૪૫ ડિગ્રી સુધી પહોંચવાની સંભાવના છે, જેને પગલે વહીવટીતંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે વિવિધ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



આ અંગે અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર એ. કે. દાસે જણાવ્યું કે, '૧૧મીથી ૧૭મી મે સુધીની હવામાનની આગાહી જણાવી રહ્યો છું, જેમાં આ સમયગાળા દરમિયાન હવામાન મોટાભાગે સૂકું રહેશે અને આવતા ચાર દિવસ સુધી મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૫ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહેવાની સંભાવના છે, જોકે ત્યારબાદ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. ૧૧ થી ૧૪ મે એમ ચાર દિવસ માટે હીટવેવની ચેતવણી છે.' સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં આગામી ૩ દિવસ માટે કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે. આ ઉપરાંત, બાકીના વિસ્તારો જેવા કે દ્વારકા, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી તેમજ ગુજરાત રિજિયનમાં બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, આણંદ, બરડા, સુરત અને અમદાવાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બીજી તરફ ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશા તરફ અને દક્ષિણ ગુજરાતમાં ઉત્તર-પશ્ચિમથી ઉત્તર દિશા તરફ પવન ફૂંકાવાની સ્થિતિ રહેશે. પવનની ઝડપ ૧૫થી ૨૦ નોટ રહેશે અને તે વધીને ૨૫ નોટ સુધી પણ પહોંચી શકે છે.

અમદાવાદ માટે આજે આકાશ મુખ્યત્વે સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાનું અનુમાન છે. સૌથી વધુ તાપમાન કંડલા એરપોર્ટ પર ૪૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતાં ૪.૨ ડિગ્રી વધારે છે. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં ૪૫ ડિગ્રી, સુરતમાં ૪૧.૭ ડિગ્રી, અમદાવાદમાં ૪૩.૩ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૨.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. આજે ૫ સ્થળોએ હીટવેવ નોંધાયો છે, જેમાં સુરત, પોરબંદર, કેશોદ, કંડલા એરપોર્ટ અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે.

# તાપીમાં ચોમાસા દરમિયાન ૨૪ કલાક કંટ્રોલરૂમ શરૂ રહેશે

વ્યારા- આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને તાપી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર્વ તૈયારીઓનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર ડો. વિપીન ગર્ગના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી પ્રિ-મોન્સૂન રિવ્યુ બેઠકમાં આપત્તિ વ્યવસ્થાપન અને જનસુરક્ષા માટે વિવિધ વિભાગોને સતર્ક રહેવા તથા સુચારૂ આયોજન ગોઠવવા સૂચનાઓ આપવામાં આવી હતી.

વ્યારા ના બેઠક દરમિયાન કલેક્ટરે ચોમાસા દરમિયાન કુદરતી આપદાની સ્થિતિમાં જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા તમામ વિભાગો વચ્ચે સંકલન વધારવા ભાર મૂક્યો હતો. જિલ્લા તેમજ તાલુકા કક્ષાના કંટ્રોલરૂમ ૨૪હ્૭ કાર્યરત રાખવા તેમજ દર બે કલાકે વરસાદના આંકડા ડિઝાસ્ટર શાખાને મોકલવા નિર્દેશ આપવામાં આવ્યા હતા.

વધુમાં, તાલુકાવાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા, અધિકારીઓ-કર્મચારીઓની વિગતો અદ્યતન રાખવા તથા સંભવિત જોખમવાળા વિસ્તારોનું મેપિંગ કરવા સૂચના આપવામાં આવી હતી. નીચાણવાળા વિસ્તારો, પુરગ્રસ્ત ગામો અને તરવૈયાઓની યાદી સાથે તલાટી અને સરપંચોના મોબાઈલ નંબરનો ડેટાબેઝ તૈયાર રાખવા પણ ભાર મૂકાયો હતો.




ચોમાસા પૂર્વે ગટર અને નદી-નાળાની સફાઈ, જોખમી વૃક્ષોનું કટીંગ તથા ભયજનક ઈમારતો અને હોર્ડિંગ્સ દૂર કરવાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા કલેક્ટરે સંબંધિત વિભાગોને સૂચનાઓ આપી હતી. સાથે જ લાઈફ બોયા, લાઈફ જેકેટ અને જનરેટર જેવા બચાવ સાધનોની કાર્યક્ષમતાની ચકાસણી કરવા પણ ખાસ ભાર મૂકાયો હતો.

તાપી જિલ્લામાં ચોમાસા દરમિયાન કોઈપણ આપત્તિજનક સ્થિતિમાં ઝડપી પ્રતિસાદ મળી રહે તે માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ ૨૪ કલાક કંટ્રોલરૂમ કાર્યરત રાખવામાં આવશે. વરસાદના આંકડાની નિયમિત મોનિટરિંગ, નીચાણવાળા વિસ્તારોનું મેપિંગ, પુરગ્રસ્ત ગામોની ઓળખ તથા બચાવ કામગીરી માટે તરવૈયાઓ અને આપદામિત્રોની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# ગોત્રીમાં વીજળી ગુલ થતા લોકોનો આક્રોશ : લક્ષ્મીપુરા સબ સ્ટેશન પર હોબાળો, કચેરીમાં સૂઈ જઈ વિરોધ

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા ગોકુલ નગર, શિવમ નગર અને કુંભારવાડા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર વીજ પુરવઠો ખોરવાતાં સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. સતત વીજ સમસ્યાથી કંટાળેલા રહીશો ગઈકાલે લક્ષ્મીપુરા પેટા વિભાગીય કચેરી એમજીવીસીએલની ઓફિસ ખાતે રજૂઆત કરવા પહોંચ્યા હતા.




સ્થાનિકોના જણાવ્યા મુજબ શિવમ નગર વિસ્તારમાં ગઈકાલે સવારથી જ વીજ પુરવઠો બંધ હતો. અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ યોગ્ય કાર્યવાહી ન થતાં લોકોમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે, એમજીવીસીએલ કચેરીમાંથી યોગ્ય પ્રતિસાદ મળતો નથી.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારના ૭૫ વર્ષ: વડાપ્રધાન મોદીએ કહ્યું- આ અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે





વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગુજરાત પ્રવાસનો ૧૧ મી મે બીજો અને અત્યંત મહત્ત્વપૂર્ણ દિવસ છે. જામનગરની મુલાકાત બાદ વડાપ્રધાન આજે પ્રથમ જયોતિર્લિંગ એવા ભગવાન સોમનાથના શરણે પહોચ્યા છે. સોમનાથ મંદિરના પુન:નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬'માં વડાપ્રધાન મોદીએ વિશેષ ઉપસ્થિતિ નોધાવી છે.

**હું અસત્ય પર સત્યનો વિજય જોઈ રહ્યો છું પીએમ મોદી**

વડાપ્રધાન મોદીએ કહ્યું: 'આજે, હું ફક્ત ૭૫ વર્ષનો ઝાંખી નથી જોઈ રહ્યો. હું વિનાશ વચ્ચે સર્જન કરવાનો સંકલ્પ જોઈ રહ્યો છું. અહીં, હું અસત્ય પર સત્યનો વિજય જોઈ રહ્યો છું. અહીં, હું હજારો વર્ષો સુધી ફેલાયેલી આધ્યાત્મિક ચેતના જોઉં છું - એક એવી આધ્યાત્મિક ચેતના જેણે સમગ્ર વિશ્વને સમગ્ર માનવતાના કલ્યાણના દ્રષ્ટિકોણથી જોયું છે. હું ભારતનો અવિનાશી સાર જોઉં છું - એક એવો સાર જેને સદીઓના દુષ્ટ પ્રયાસો પણ ભૂંસી શક્યા નથી.'

**બ્રહ્માંડમાં 'જય સોમનાથ'નો નાદ: વડાપ્રધાન મોદી**

સોમનાથ મંદિરના પુન:નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ'માં સહભાગી થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક અત્યંત ભાવુક અને આધ્યાત્મિક સંબોધન કર્યું હતું. ભગવાન સોમનાથના સાનિધ્યમાં કલા, સંગીત અને મંત્રોચ્ચાર વચ્ચે વડાપ્રધાને આ ક્ષણને ઐતિહાસિક ગણાવી હતી.

સંબોધનની શરૂઆત કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, 'આજની મારી આ સોમનાથ યાત્રામાં એક અનોખી સુખદ અનુભૂતિ થઈ રહી છે. અહીં કલા, સંગીત અને નૃત્યના મનોહર પ્રદર્શન સાથે, વૈદિક મંત્રોના પવિત્ર જાપ સાથે, ગર્ભગૃહમાં ૩શિવપંચક્ષરી ના સતત પાઠ સાથે અને સમુદ્રના મોજાઓના ગૂંજતા જયઘોષ સાથે - એવું લાગે છે કે જાણે આખું બ્રહ્માંડ એક સૂરમાં બોલી રહ્યું છે,જય સોમનાથ!'

**પીએમ મોદીએ ૭૫ રૂપિયાનો ખાસ સિક્કો જાહેર કર્યો**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરના અમૃત પર્વ નિમિત્તે ૭૫ રૂપિયાનો સ્મારક સિક્કો જાહેર કર્યો છે. આ વિશેષ સિક્કાની વિશેષતાઓ પર નજર કરીએ તો, રૂ.૭૫ નો આ સિક્કો ગોળાકાર હશે અને તેનો વ્યાસ ૪૪ મિલીમીટર રાખવામાં આવ્યો છે. આ સિક્કો ૯૯.૯ ટકા શુદ્ધ ચાંદીમાંથી બનાવવામાં આવશે અને તેનું વજન ૪૦ ગ્રામ નિર્ધારિત કરવામાં આવ્યું છે. સિક્કાની ડિઝાઇનમાં ખૂબ જ કાળજી રાખવામાં આવી છે; તેની આગળની બાજુએ મધ્યમાં અશોક સ્તંભની આકૃતિ અને નીચે 'સત્યમેવ જયતે' લખેલું હશે. સિક્કાની પાછળની બાજુએ સોમનાથ મંદિરની ભવ્ય આકૃતિ છે.



**વડાપ્રધાન મોદીએ કહ્યું: 'આજે, હું ફક્ત ૭૫ વર્ષનો ઝાંખી નથી જોઈ રહ્યો. હું વિનાશ વચ્ચે સર્જન કરવાનો સંકલ્પ જોઈ રહ્યો છું. અહીં, હું અસત્ય પર સત્યનો વિજય જોઈ રહ્યો છું. અહીં, હું હજારો વર્ષો સુધી ફેલાયેલી આધ્યાત્મિક ચેતના જોઉં છું**

**કુંભાભિષેક વિધિમાં થયા સહભાગી**

વડાપ્રધાન મોદી કુંભાભિષેક વિધિ બાદ સોમનાથમાં વિશેષ પૂજામાં સહભાગી થયા હતા. હવે તેઓ બપોરે જાહેર સભાને સંબોધશે. કુંભાભિષેક દરમિયાન મંદિરના શિખર પર ૧૧ પવિત્ર તીર્થના જળથી ઐતિહાસિક કુંભાભિષેક કર્યા બાદ ધ્વાજારોહણ કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ શિવલિંગને જળ અર્પણ કર્યું

સોમનાથ મંદિરમાં વડાપ્રધાન મોદીએ પૂજા અર્ચના કર્યા બાદ શિવલિંગને જળ અર્પણ કર્યું હતું.

સોમનાથ મંદિરે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાર્પણ કર્યું

પીએમ મોદીએ ૨ કિ.મી.નો રોડ શો પૂર્ણ કર્યા બાદ સરદાર પટેલની પ્રતિમા પર પુષ્પાર્પણ કર્યા હતા.

સોમનાથના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન વડોદરા પહોચશે. પશ્ચિમ બંગાળમાં મેળવેલી શાનદાર જીત બાદ વડાપ્રધાન પ્રથમવાર ગુજરાત આવી રહ્યા હોવાથી વડોદરામાં ઉત્સાહનો માહોલ છે. અહીં તેમના સ્વાગત માટે વિશેષ 'બંગાળ થીમ' તૈયાર કરવામાં આવી છે. વડોદરામાં પીએમ મોદી 'સરદારધામ-૩'નું લોકાર્પણ કરશે અને એક વિશાળ જનસભાને સંબોધન કરીને પોતાના પ્રવાસનું સમાપન કરશે.

ભગવાન સોમનાથના આશીર્વાદ અને વિકાસકાર્યોના લોકાર્પણ સાથે વડાપ્રધાનનો આ પ્રવાસ ગુજરાત માટે ખૂબ જ મહત્વનો બની રહેશે.

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### આરોગ્યની ઘોર ખોદે છે ફેશનનું આંધળુ અનુકરણ

આપણા દેશના મહાનગરો આજે ઝપાટાભેર આંતરરાષ્ટ્રીય ફેશનના મુખ્ય કેન્દ્ર બની રહ્યાં છે. ખાસ કરીને દિલ્હી અને મુંબઈ પેરિસના રવાડે ચડી ગયા હોય એવો સિનારીયો જોવા મળે છે. છેલ્લા થોડાં વર્ષોમાં આપણે ત્યાં ફેશન ડિઝાઈનરોનો, હેર સ્ટાઇલ અને મેકઅપ આર્ટિસ્ટોનો તેમજ સ્ટાઈલ ગુરૂઓનો રાફડો ફાટી નીકળ્યો છે. અવારનવાર યોજાતા ફેશન શો તેમજ દર વર્ષે યોજાતા ફેશન વીકની ઝલક સામાન્ય યુવતીઓને પણ આધુનિક ફેશનની આછેરી સમજ તો આપી જ દે છે. આવી યુવતીઓ પણ પેજ થ્રી સેલિબ્રિટીઓની દેખાદેખી ઊંચી એડીના જૂતાં, સ્કીન ટાઈટ જિન્સ, હેર કલર, મસમોટી હેન્ડબેગ અને મેકઅપનો ઉપયોગ કરતી થઈ જાય છે, પરંતુ નકલ કરવાથી પહેલા અક્કલનો ઇસ્તમાલ કરવો જરૂરી છે. સુંદર અને આકર્ષક દેખાવા માટે વપરાતી વસ્તુઓ ક્યાંક તમારા સ્વાસ્થ્યને નુકસાન તો નથી પહોચાડતીને?

નિષ્ણાતો આનો ઉત્તર આપતાં કહે છે કે સમજયા-વિચાર્યા વિના ફેશનનું આંધળુ અનુકરણ કરતી યુવતીઓને તેની બહુ મોટી કિંમત ચૂકવવી પડે છે. ફેશનેબલ બનવા માટે ઉપયોગમાં લેવાતી સંખ્યાબંધ વસ્તુઓ તમારા સ્વાસ્થ્યનો ભોગ લે છે. તેથી તમે કાંઈ પણ પહેરો અથવા એક્સેસરી વાપરો તેનાથી પહેલા એ વિચારી લો કે તેનાથી તમારા શરીરને કોઈ હાનિ તો નથી થતીને?

વસ્ત્રોને આકર્ષક બનાવવા માટે તેને ચોક્કસ પ્રકારની પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે છે. આ પ્રોસસીંગમાં ચોક્કસ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે જે આપણી ત્વચા માટે હાનિકારક પુરવાર થાય છે. હવે અગ્રાણી ફેશન ડિઝાઈનરો તેમના વસ્ત્રોમાંથી આવા કેમિકલ દૂર કરીને સ્કીન-ફ્રેન્ડલી વસ્ત્રોની શોધમાં લાગી ગયાં છે. નિષ્ણાતો કહે છે કે ફેશન જયારે આત્યંતિક માત્રામાં અપનાવવામાં આવે ત્યારે તેના પરિણામ ખતરનાક હોઈ શકે. ફેશન આકર્ષક દેખાવા માટે હોય છે, પોતાની જાતને સજા કરવા માટે નહીં. મધ્યમ વર્ગના લોકોને જયારે સારી બ્રાન્ડની વસ્તુઓ ખરીદવાનું ન પોસાય ત્યારે તેઓ સસ્તી વસ્તુઓ ખરીદીને પોતાનો ફેશનેબલ દેખાવાનો અભરખો પૂરો કરવાનો પ્રયત્ન કરે છે. તેઓ તદ્દન સસ્તી ઈમિટેશન જવેલરી, ફૂટપાથ પર મળતાં જૂતાં અને હેન્ડબેગ તેમજ હલકા મટિરિયલમાંથી બનાવવામાં આવેલા જિન્સ અને ટી-શર્ટનો ઉપયોગ કરે છે. આવી વસ્તુઓ દ્વારા તેઓ બીમારીને આમંત્રે છે. તમારા વસ્ત્રોની ગુણવત્તા તમારી ત્વચા પર બહુ મોટી અસર કરે છે. હલકી ગુણવત્તાના કપડામાં વાપરવામાં આવેલા ઝેરી કેમિકલ ત્વચાની એલર્જી ઉત્પન્ન કરે છે. તેનાથી શરીરને ચેપમુક્ત રાખતી સિસ્ટમ અને મજ્જાતંતુને નુકસાન થાય છે. તેથી જ આજે ઓર્ગેનિક કલોથનો મહિમા વધી રહ્યો છે. અલબત્ત, દરેક પ્રકારના ડાય અને કેમિકલ હાનિકારક નથી હોતાં. આમ છતાં ઘણાં દેશોમાં વસ્ત્રોમાં વાપરવામાં આવતા ચોક્કસ કેમિકલ અને ડાય પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. જે રીતે નુકસાનકારક ડાય અને કેમિકલનો ઉપયોગ કરીને પ્રોસેસ કરવામાં આવેલાં કપડાં ત્વચાને હાનિ પહોચાડે છે, તેવી જ રીતે જે તે શહેરની આબોહવાને અનુકૂળ ન હોય એવાં વસ્ત્રો પણ સ્વસ્થ માટે ખતરનાક પુરવાર થાય છે. મુંબઈ જેવા ભેજવાળી આબોહવા ધરાવતા પ્રદેશ માટે કોટન સૌથી સારો વિકલ્પ છે. ઉનાળાના દિવસોમાં સિન્થેટીક પરિધાન ધારણ કરવા એ મૂર્ખતાની નિશાની છે. આ ઉપરાંત સ્કીન ટાઈટ જિન્સ પહેરવાથી ત્વચા પરના છિદ્રો ઢંકાઈ જવાથી ચેપ લાગવાની શક્યતા રહે છે. આપણી ત્વચાને 'શ્વાસ' લેવા માટે થોડી ખુલ્લી રાખવી જરૂરી છે એમ ત્વચા નિષ્ણાતો જણાવે છે. તેવી જ રીતે વાળને રંગવાની ફેશને માઝા મુકી છે. ફેશન જગતના લોકોને જોઈને સામાન્ય લોકો પણ વારંવાર વાળના રંગ બદલે છે જે અત્યંત હાનિકારક પુરવાર થાય છે. તેનાથી વાળ ખરવાથી લઈને માથે ટાલ પડવા સુધીની શક્યતા રહે છે.

નિયમિત રીતે હોલ્ટર ટોપ પહેરવાથી ત્વચાને ઘસારો પહોચે છે પરિણામે ત્યાં ચેપ લાગવાની ભીતિ રહે છે. તેવી જ રીતે મોજાં પહેર્યા વિના સીધેસીધા શૂઝ પહેરવાથી પગની આંગળીઓ વચ્ચે ફંગલ ઇન્ફેક્શન થઈ શકે છે. શૂઝ પહેરવાથી પહેલા હંમેશા કોટનના મોજાં પહેરવાનો આગ્રહ રાખવો. આંગળીઓ વચ્ચે થતા પરસેવાને કારણે ફંગલ ઇન્ફેક્શન થતું ટાળવા કોટનના મોજાં પહેરવા અત્યંત આવશ્યક છે. આ ઉપરાંત ગરમીના દિવસોમાં પગના તળિયામાં બહુ પરસેવો થતો હોય તો બૂટમાં થોડું પાઉડર છાંટી દેવું. ઓર્થોપિડિક ડોક્ટરોના જણાવ્યા મુજબ ટાઈટ પેન્ટ પહેરવાથી નિતંબના સાંધાનું હલનચલન યોગ્ય રીતે નથી થઈ શકતું.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## ૨૬ મી એ તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૮ મીએ સુરત જિલ્લાનો સ્વાગત કાર્યક્રમ

**બારડોલી**-લોકોના પડતર પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ અમલમાં મુકાયો છે. જેમાં કોઈ પણ અરજદાર વ્યકિતગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિવિષયક અને સર્વિસ મેટર સિવાયના કામોનો નિકાલ સંબંધિત કચેરીમાં થતો ન હોય તો તેવા કામોનો નિકાલ આ કાર્યક્રમમાં કરવામાં આવશે. જે મુજબ મે મહિનાનો ૩૩તાલુકા સ્વાગત કાર્યક્રમ ૨૬/૦૫/૨૦ એ અને ૩૩જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા. ૨૮/૦૫/૨૦૨૬ એ યોજાશે. તા.૨૬મીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યે સુરત જિલ્લા કલેક્ટર કોઈ પણ એક તાલુકામાં ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમના ભાગરૂપે તા. ૨૬ મીના રોજ સવારે ૧૧.૦૦ વાગે વર્ગ-૧ના અધિકારીઓ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી પ્રશ્નોનું નિરાકરણ લાવશે.

ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં જિલ્લા વિકાસ અધિકારી તેમજ નાયબ કલેક્ટર ઓલપાડ પ્રાંત, કામરેજ અને પલસાણા તાલુકામાં પોલીસ અધીક્ષક, સુરત ગ્રામ્ય તેમજ નાયબ કલેક્ટર કામરેજ પ્રાંત, બારડોલી, મહુવા અને અંબિકા તાલુકામાં નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તેમજ નાયબ કલેક્ટર બારડોલી પ્રાંત, સુરત તેમજ માંગરોળ, માંડવી, ઉમરપાડા અને અરેઠ તાલુકામાં નાયબ કલેક્ટર માંડવી પ્રાંત, નાયબ વન સંરક્ષક (નોર્મલ) તેમજ, પ્રાયોજના વહીવટદારશ્રી, હાજર રહેશે.

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆતો અંગેની રૂમારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી તેવા મથાળા સાથે ગામના તલાટીને સંબોધીને દર મહિનાની તા. ૧૦ મી સુધી આપવાની રહેશે. જેનો જે તે તાલુકામાં તાલુકા સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.

જયારે જિલ્લા કક્ષાના નિકાલ કરવાના કામ માટેની અરજી જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં મોકલી આપવી તેમ સુરતના જિલ્લા કલેક્ટરે જણાવ્યું છે.

## ૪ દિવસ બપોરના સમયે કામ વગર બહાર નીકળવાનું ટાળજો

## હીટવેવના કારણે તાપામન ૪૪ પાર પહોચશે, આજે ૨ જિલ્લામાં ઓરેન્જ અને ૧૨ જિલ્લામાં ગરમીનું યલો એલર્ટ



ગુજરાતમાં આગામી ચાર દિવસ હીટવેવની શક્યતાના પગલે માથું ફાડી નાખે એવી ગરમીની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યું અનુસાર, રાજયમાં હજુ ગરમીનો કહેર વધવાનો છે. આગામી સાત દિવસ માટે વિવિધ જિલ્લામાં હીટવેવની સાથે ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે. અમદાવાદમાં હજુ ૫ દિવસ માટે ઓરેન્જ એલર્ટ જારી છે. એકથી બે દિવસની અંદર ચાલુ સિઝન અને ગત વર્ષની ગરમીનો રેકોર્ટ તૂટે તેવી સંભાવના છે.

આગામી ૭ દિવસ સુધી સમગ્ર ગુજરાત, દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે. નોર્થ ઈસ્ટ રાજસ્થાન વિસ્તારમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય બનતા આગામી ૩ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨-૩ઈનો વધારો થઈ શકે છે. રાજયના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૨ઈથી ૪૪ઈની વચ્ચે રહેવાની સંભાવના છે.

હીટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ૧૧થી ૧૪ મે સુધી ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લા માટે આગામી ત્રણ દિવસનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે.

આ સિવાય સૌરાષ્ટ્રના દ્વારકા, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી અને ગુજરાત પ્રદેશના બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, આણંદ, વડોદરા, સુરત અને અમદાવાદ જેવા વિસ્તારોમાં 'યલો એલર્ટ' આપવામાં આવ્યું છે.

**હીટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ૧૧થી ૧૪ મે સુધી ખાસ ચેતવણી જારી કરવામાં આવી છે, જેમાં કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લા માટે આગામી ત્રણ દિવસનું 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરાયું છે.**

## કામરેજમાં વેલનેસ સેન્ટરની આડમાં કૂટણખાનું ઝડપાયું:પોલીસે ૫ યુવતીઓને બચાવી, ૬ ગ્રાહકોને રંગેહાથ ઝડપ્યા



કામરેજ- કામરેજ પોલીસે બાપા સીતારામ ચોક વિસ્તારમાં આવેલા એક વેલનેસ સેન્ટરની આડમાં ચાલતા કૂટણખાના પર દરોડો પાડ્યો છે. આ કાર્યવાહીમાં પોલીસે ૫ યુવતીઓને બચાવી છે, જયારે સુરતના અલગ-અલગ વિસ્તારમાંથી આવેલા ૬ ગ્રાહકોને રંગેહાથ ઝડપી પાડ્યા છે.

પોલીસને 'અનમોલ વેલનેસ સેન્ટર'માં મસાજની આડમાં અનૈતિક પ્રવૃત્તિ ચાલતી હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે ૧૦ મેના રોજ પોલીસે એમ.જી. ડ્રીમ કોમ્પ્લેક્સના ત્રીજા માળે દુકાન નંબર ૩૧૭ થી ૩૨૦ માં ઓચિંતી તપાસ હાથ ધરી હતી.

દરોડા દરમિયાન પોલીસને ત્યાંથી પશ્ચિમ બંગાળ (કોલકત્તા)ની ૫ યુવતીઓ મળી આવી હતી, જેમને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવી છે. દેહવ્યાપારના આ વ્યવસાયમાં સંડોવાયેલા ૬ ગ્રાહકોને પણ પોલીસે સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા.

Date- 13/05/2026 Wednesday
# ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## સૂર્યનગરી બારડોલી : ૨૩૧૬ ઘરોમાં લાગેલા સોલાર પ્લાન્ટથી વર્ષે ૧.૧૫ કરોડ યુનિટ વીજળી



**બારડોલી-**પરંપરાગત વીજળીના વધતા ભાવ વચ્ચે બારડોલી નગરના રહેવાસીઓએ હવે સૂર્યદિવની કૃપાથી વીજ બિલમાં મોટી રાહત મેળવવાનું શરૂ કર્યું છે.

બારડોલી નગરમાં અત્યાર સુધીમાં કુલ ૨૩૧૬ ગ્રાહકોએ પોતાના ઘરની છત પર સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવી છે. આ જાગૃતિને કારણે ગ્રાહકોને માત્ર મફત વીજળી જ નથી મળી રહી, પરંતુ વધારાની વીજળી સરકારને વેચીને તેઓ કમાણી પણ કરી રહ્યા છે.

આ વર્ષે સોલાર ગ્રાહકોના ખાતામાં અંદાજે ૨૨ લાખ રૂપિયા જમા કરાવવામાં આવ્યા છે. સોલાર પ્લાન્ટ થકી હજારો ગ્રાહકોના વીજ બિલમાં ૯૦% થી ૧૦૦% સુધીનો સીધો ઘટાડો થયો છે. અને સાથે સાથે ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરી પર્યાવરણનું જતન કરતા થયા છે. અન્ય નગરોની સરખામણીએ બારડોલીમાં નોંધપાત્ર સંખ્યામાં લોકો સોલાર તરફ વળ્યા છે. બારડોલીના ૧૮૮૪૧ રહેણાંક ગ્રાહકોમાંથી ૨૩૧૬ લોકોએ જે રીતે ૧.૧૫ કરોડ યુનિટ જનરેટ કર્યા છે, તે દક્ષિણ ગુજરાતના અન્ય શહેરો માટે રોલ મોડેલ સમાન છે. ૨૨ લાખ રૂપિયાની રોકડ રકમ ગ્રાહકોના ખાતામાં સીધી જવી એ બારડોલીની આર્થિક સજ્જતા અને જાગૃતિનો પુરાવો છે.

## જિલ્લા કલેક્ટર - પોલીસ વડાને લેખિત રજૂઆત :ડુંગરામાં બહારથી આવીને વસેલા તત્વોએ ૨૫ પરિવારોનું ધર્માંતરણ કરાવ્યાની રાવ



આંબોલી- કામરેજના ડુંગરા ખાતે હળપતિ ,આદિવાસી સમાજના ગેર કાયદેસર ધર્મ પરિવર્તન તેમજ જમીન પર બિનઅધિકૃત કબજો જમાવનાર સામે ગામના રહીશો દ્વારા સુરત જિલ્લા કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડાને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ડુંગરા નવી કોલોની હળપતિ વાસ ખાતે રહેતા જગુભાઈ સોમાભાઈ રાઠોડે ગત રોજ બંને કચેરીના વડાને લેખિત રજૂઆત કરી હતી. ડુંગરાના બ્લોક નંબર ૨ નવી કોલોની હળપતિ વાસ ફળિયા ખાતે છેલ્લા ઘણા સમયથી નયનભાઈ રાવજીભાઈ ઓડ બહારથી આવી વસવાટ કર્યો છે.

ગામ સહિત આજુબાજુના ગામોના આદિવાસી હળપતિ સમાજના લોકોને લોભ લાલચ આપી સાજા કરવાના બહાને અંધ શ્રદ્ધા ફેલાવે છે. હાલના સમયમાં ૨૫થી વધુ પરિવારોનો મૂળ ધર્મ છોડી ખ્રિસ્તી ધર્મમા ધર્માંતરણ કર્યું હોવાનો આક્ષેપ છે.

આદિવાસી હળપતિ સમાજની પ્રાકૃતિક પૂજા પદ્ધતિ, લગ્ન વિધી, મરણ વિધી, ધાર્મિક જીવન પદ્ધતિને તોડી આદિવાસી હળપતિ સમાજમાં ભાગલા પડાવીને આ ઇસમ દ્વારા સામાજિક જીવનને અસ્ત વ્યસ્ત કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. તેમજ એ વ્યક્તિ દ્વારા જીણાભાઈ ભાણાભાઈ ઉર્ફે કિકાભાઈ રાઠોડની ૭૩ એ એ વાળી જમીન આદિવાસી હળપતિને સરકાર દ્વારા રહેણાંક હેતુ ફાળવેલી સરકારી જમીન પર ગેરકાયદે બિન અધિકૃત કબજો કરેલ છે. જે મિલકતનો કબજો વ્યક્તિને પરત મળે તેમજ આ આ ઈસમ દ્વારા ગુજરાત સરકારના ધર્માંતરણના કાયદા મુજબ કાર્યવાહી માટેની માગ આવેદન રૂપી રજૂઆત કરવામાં આવી હતી.

## માંડવીના કાકરાપાર ડેમમાં ૪ યુવક ડૂબ્યા

# ભાઈને બચાવવા જતાં અન્ય ૩ પણ પાણીમાં ગરકાવ; એક જ પરિવારના ૪ પિતરાઈ ભાઈ મોતને ભેટ્યા

**બારડોલી-**સુરત જિલ્લાના માંડવી તાલુકામાંથી એક અત્યંત હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. જાણીતા પ્રવાસન સ્થળ અને સિંચાઈના મુખ્ય સ્ત્રોત ગણાતા કાકરાપાર ડેમના કિનારે પશુઓને પાણી પીવડાવવા ગયેલા એક ભાઈને ડૂબતો બચાવવા એક સગો ભાઈ અને બીજા બે પિતરાઈ ભાઈ પણ પાણીમાં કૂદી પડ્યા હતા. કમનસીબે, ભાઈને બચાવવાની આ હિંમત હૃદયદ્રાવક હોનારતમાં ફેરવાઈ ગઈ. એકબીજાને બચાવવાની મથામણમાં આખરે ચારેય ભાઈએ અંતિમશ્વાસ લીધા. વાકલ ગામમાં એક જ પરિવારના ચાર પિતરાઈ ભાઈના મોતથી ચૌધરી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

માંડવી પોલીસ PI જયેશ વળવીના જણાવ્યા મુજબ અનુસાર, આ ઘટના ૧૧ મેના રોજ બપોરના સમયે બની હતી. વાકલ ગામનો એક યુવાન પોતાના પશુઓને પાણી પીવડાવવા અને નવરાવવા માટે કાકરાપાર ડેમના હેઠવાસના ભાગમાં ગયો હતો. આ દરમિયાન અચાનક તેનો પગ લપસી જતાં તે ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો. મોડી સાંજ સુધી તે પરત ન ફરતાં, તેને શોધવા માટે તેના અન્ય ત્રણ ભાઈ પણ ત્યાં પહોંચ્યા હતા.

ઘટનાસ્થળે યુવકના કપડાં જોઈને તેમને અંદાજ આવી ગયો કે, તેમનો ભાઈ પાણીમાં પડી ગયો છે. ભાઈને બચાવવા બાકીના ત્રણેય ભાઈ એક પછી એક પાણીમાં કૂદી પડ્યા હતા. પરંતુ કમનસીબે, પાણીનો પ્રવાહ તેજ હોવાથી અને ઊંડાઈનો અંદાજ ન આવવાને કારણે, ચારેય મિત્ર-ભાઈ એકબીજાને બચાવવાની




મથામણમાં મોતને ભેટ્યા હતા.

ફાયર વિભાગની કલાકોની જહેમત બાદ આજે ચારેય યુવાનના મૃતદેહને બહાર કાઢાયા. મૃતક યુવાનોના નામ- પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતકોમાં બે સગા ભાઈ અને અન્ય પિતરાઈ ભાઈઓનો સમાવેશ થાય છેઃ ૧.સાહિલ જિતેન્દ્ર ચૌધરી (સગો મોટો ભાઈ), ૨.કોશિક જિતેન્દ્ર ચૌધરી, ૩.ગણેશ નાનસિંગ ચૌધરી, ૪.પ્રવીણ બાલુ ચૌધરી

ઘટનાની જાણ થતા જ માંડવી પોલીસ પીઆઈ જયેશ વળવી અને માંડવી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ગત સાંજે અંધારું અને પાણીનો પ્રવાહ વધુ હોવાથી શોધખોળમાં મુશ્કેલી પડી હતી, પરંતુ આજે વહેલી સવારથી ફરી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નગરપાલિકાના અને ફાયરના તરવૈયાઓની કલાકોની જહેમત બાદ ચારેય યુવાનના મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મળી હતી.

આ કરુણ ઘટના અંગે માંડવીના ધારાસભ્ય કુંવરજી હળપતિએ ઊંડો શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વાકલ ગામના ચાર આશાસ્પદ યુવાનના ડૂબી જવાથી મોત થયા છે તે અત્યંત દુઃખદ છે. પશુઓને પાણી પીવડાવવા ગયેલા ભાઈને બચાવવા જતાં અન્ય ત્રણના પણ મોત થયા છે. તંત્ર દ્વારા તાત્કાલિક કામગીરી કરી તમામ મૃતદેહોને બહાર કાઢી પીએમ માટે મોકલી આપવામાં આવ્યા છે.

## બારડોલીમાં તાપમાન ૪૩ ડિગ્રી, હજુ ૨ દિવસ માટે યલો એલર્ટ



**બારડોલી-**ઉનાળો મધ્યાહને તપી રહ્યો છે. તાપમાનનો પારો ૪૦ ને પાર કરી દેતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે.

પવનની દિશા બદલાતાં ગરમીમાં વધારો થયો છે. જોકે, હવામાન વિભાગ દ્વારા પણ એલર્ટ આપવામાં આવ્યું છે. આવનારા બે દિવસ હજુ ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર રહેવાની આગાહી કરવામાં આવી છે.

છેલ્લા ઘણા દિવસોથી આકાશમાંથી જાણે અગવર્ષા વરસતી હોય તેમ તાપમાનમાં વધારો થયો છે. તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરતાં લોકોના જનજીવન પર અસર પડી રહી છે. બપોરના સમયે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યાં છે. રસ્તાઓ સૂમસામ ભાસે છે. પવનની દિશા બદલવાને કારણે તાપમાનમાં વધારો થયો છે. ઉત્તર પશ્ચિમી પવનો ફૂંકાવાને કારણે તાપમાનમાં વધારો થયો છે. સોમવારના રોજ બારડોલીનું મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી નોંધાયુ હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૭ ડિગ્રી રહ્યુ હતું. દિવસ દરમિયાન તાપમાનનો પારો ઉંચો રહેતા લોકો કાળઝાળ ગરમીમાં અકળાયા હતાં.

લોકોએ ફરજિયાત એસી અને કૂલરના સહારે રહ્યા હતાં. દિવસ દરમિયાન ૧૩મીને ઝડપે ઉત્તર પશ્ચિમી પવનો ફૂંકાયા હતાં. હવામાન વિભાગે આગામી બે દિવસ યલો એલર્ટ આપ્યું હોવાનું જાણવા મળેલ છે.

## માસમાથી ૧૦૦ પાઈપની ચોરી કરનારા બે કલાકોમાં જ પકડાયા



**બારડોલી-**સુરત ગ્રામ્યના ઓલપાડ તાલુકાના માસમા ગામે આવેલા એક ખુલ્લા ગોડાઉનમાંથી લોખંડના પાઈપની ચોરી થવાની ઘટના બની હતી. ઓલપાડ પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને ગણતરીના કલાકોમાં જ બે આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પકડાયેલા આરોપીઓ પાસેથી ૧૦૦ નંગ પાઈપ અને એક એક્ટિવા મળી કુલ ૩૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કરાયો છે.

૯મે ના રોજ માસમા ગામની સીમમાં આવેલ સાઈ શ્રદ્ધા વિભાગ-૧ના ખુલ્લા ગોડાઉનમાંથી આશરે ૧૦૦ જેટલા લોખંડના પાઈપ કિંમત ૭,૫૦૦ની ચોરી થઈ હતી. આ અંગે ઓલપાડ પોલીસે ગુનો નોંધાતા પોલીસે તપાસ તેજ કરી હતી.

પોલીસને ખાનગી રાહે બાતમી મળી હતી કે બે ઇસમો ચોરીના પાઈપ લઈને માસમા ગામની સીમમાં વલકલ નહેરવાળા રસ્તેથી કિરણ મેડિકલ કોલેજ તરફ જનાર છે. જે આધારે પોલીસે વોચ ગોઠવીને અર્પિત નટુભાઇ લોડલીયા અને રાજ કલ્પેશભાઇ ધાનાણીને એક્ટિવા (નંબર ઉં-૦૫-ક-૪૨૯૧) સાથે ઝડપી પાડ્યા હતા. શરૂઆતમાં તેમની પાસેથી ૧૫ પાઈપ મળ્યા હતા, પરંતુ કડક પૂછપરછમાં અન્ય ૮૫ પાઈપ ઝાડી-ઝાંખરામાં છુપાવ્યા હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી અર્પિત નટુભાઇ લોડલીયા (૨૪) (રહે. કોસાડ, સુરત, મૂળ રહે. ભાવનગર) અને રાજ કલ્પેશભાઇ ધાનાણી (૨૩) (રહે. કોસાડ, સુરત (મૂળ રહે. ભાવનગર) ની ધરપકડ કરી હતી.




જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)